# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

### આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટલીમાં જી-સેવન શિખર સંમેલનને ફળદાયી ગણાવ્યું...
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 18 જૂને પીએમ કિસાન સન્માન નિધી યોજના હેઠળ નવ કરોડ ખેડૂતોનાં ખાતામાં નાણા જમા કરશે..
- ✓ ઉત્તરાખંડનાં રૂદ્રપ્રયાગમાં બસ ખીણમાં ગબડી પડતાં 13 શ્રધ્ધાળુનાં મૃત્યુ..
- ✓ છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં સલામતી દળો સાથેની અથડામણમાં આઠ માઓવાદી ઠાર- એક જવાન શહીદ..
- ✓ પ્રવેશ રદ કરાયો હોય તેવા વિદ્યાર્થીઓને 30 સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણ ફી પાછી આપવા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને યુજીસીનો નિર્દેશ..
- ✓ 18મા મુંબઇ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો પ્રારંભ..
- ✓ ટી-20 વિશ્વકપમાં ભારત તેની છેલ્લી ગ્રુપ મેચમાં કેનેડા સામે ટકરાશે...

*******************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# G7--STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટલીમાં યોજાયેલી જી 7 શિખર સંમેલનને ફળદાયી ગણાવ્યું હતું. એક સોશિયલ મીડીયા સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું કે, આ મહત્વનું જી સેવન સંમેલન હતું, જેમાં તેમણે વૈશ્વિક મંચ પર ભારતનો પરિપ્રેક્ષ્ય રજૂ કર્યો હતો. શ્રી મોદી શિખર સંમેલનમાં ભાગ લઇને આજે સવારે સ્વદેશ પરત ફર્યા હતા.

દરમિયાન, ઇટલીમાં ગઈકાલે પૂર્ણ થયેલા જી સેવન રાષ્ટ્રોનાં શિખર સંમેલનને અંતે પ્રસિદ્ધ કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં સભ્ય દેશોએ ચીનની બિન-વ્યાજબી વેપાર પ્રણાલિનો સામનો કરવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. ચીનની આ નીતિથી જી સેવન જૂથનાં રાષ્ટ્રોનાં શ્રમિકો અને ઉદ્યોગો પર અસર પડી રહી હોવાનો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જી-સેવન રાષ્ટ્રોએ યુક્રેન સામેનાં યુધ્ધમાં શસ્ત્રો ખરીદવા રશિયાને મદદ કરનારી ચીનની નાણાં સંસ્થાઓ સામે પગલાં લેવાની પણ ચેતવણી આપી હતી.

સંમેલનમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે, જી-સેવન રાષ્ટ્રો ચીનને નુકસાન પહોંચાડવાનો કે તેનાં આર્થિક વિકાસને અવરોધવાનો પ્રયાસ નથી કરવા માંગતું, પણ પોતાનાં વેપારને ચીનની બિનવ્યાજબી વેપાર નીતિઓ સામે રક્ષણ આપવા પગલાં લેવાનું ચાલુ રાખશે.

# REV.-AGRI--SHIVRAJ

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી 18મી જૂને વારાણસી ખાતે PM-કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરાવશે.

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. શ્રી ચૌહાણે કહ્યું કે, તેમણે 18મી જૂને પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં સામેલ થવા માટે તમામ મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી તેમણે મંત્રાલયના અધિકારીઓ સાથે ખેડૂતોના કલ્યાણ સાથે સંબંધિત દરેક મુદ્દે ચર્ચા કરી છે.

# UTTARAKHAND-ACCIDENT

ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના બદરીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રૈનતોલી પાસે 26 પર્યટકોથી ભરેલી બસ ખીણમાં ગબડી પડતાં સર્જાયેલી દુર્ઘટનામાં 13 વ્યક્તિનાં મૃત્યુ થયા છે. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઇજા પામેલા સાત યાત્રિકોને ઋશિકેશ ખાતની એઇમ્સમાં વિમાનમાર્ગે લઈ જવામાં આવ્યા હતા, જ્યારે અન્ય સાતની સારવાર જિલ્લા હોસ્પિટલમાં ચાલી રહી છે.

ઘટનાની માહિતી મળતા જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ, અગ્નિશમન સેવા, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટૂકડીઓ બચાવ કાર્યમાં સંકળાયેલી છે. ઘટના સ્થળેથી તમામ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ ગુરમીત સિંહ, મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે.

શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેક મૃતકના નજીકના સગાને બે લાખ રૂપિયાનું અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા નું વળતર આપવાની જાહેરાત કરી છે.

# EVE-CHHATTISGARH-MAOISTS-KILLED

છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં આજે સવારે સલામતી દળો સાથે થયેલી અથડામણમાં આઠ માઓવાદી માર્યા ગયા છે. સામસામે ગોળીબારમાં સલામતી દળનાં એક જવાન શહીદ થયા છે અને અન્ય બેને ઇજા થઈ છે. આબુજમદ વિસ્તારમાં માઓવાદીઓની હાજરી હોવાની માહિતીને આધારે આઇટીબીપી, જિલ્લા અનામત રક્ષક અને વિશેષ કાર્ય દળની સંયુક્ત ટૂકડીએ શોધખોળ અભિયાન હાથ ધર્યું હતું. ઘટનાસ્થળેથી

બે રાઇફલ, એક બીજીએલ લોંચર અને અન્ય શસ્ત્ર સરંજામ મળી આવ્યા છે. હાલમાં શોધખોળ અભિયાન ચાલુ છે.

## UGC--REFUND-POLICY

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને 2024-25નાં શૈક્ષણિક સત્ર માટે નવી ફી રિફન્ડ પોલિસી જાહેર કરી છે. આ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કર્યા હોય અથવા તો સ્થળાંતર કર્યું હોય તેવા સંજોગોમાં તેમને 30 સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણ ફી પાછી આપવાની રહેશે.

પ્રવેશ રદ કર્યો હોય તેવા સંજોગોમાં ફી પાછી ન મળતી હોવાની વિદ્યાર્થીઓ અને વાલીઓની ફરિયાદને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નીતિ કેન્દ્ર અથવા રાજ્ય ધારાઓ હેઠળની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, યુજીસી માન્ય સંસ્થાઓ. ડીમ્ડ યુનિવર્સિટીઓ અને પ્રવેશ માર્ગદર્શન સાથે સંકળાયેલી સંસ્થાઓને લાગુ પડશે.

## MUMBAI-MIFF

મુંબઇમાં આજે મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની 18મી આવૃત્તિનો આજે નેશનલ જિયોગ્રાફિકની ફિલ્મ 'બિલી એન્ડ મોલીઃ એન ઓટેર લવ સ્ટોરીનાં' પ્રદર્શન સાથે પ્રારંભ થયો છે. આ ફિલ્મનું દિલ્હી, કોલકાતા, પુણે અને ચેન્નાઈમાં સમાંતર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આજે સાંજે મુંબઇમાં એનસીપીએ થિયેટર ખાતે ભવ્ય સમારોહમાં MIFF 2024 ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ રાજ્ય

મંત્રી એલ મુરુગન ઉપસ્થિત રહ્યા હતા. 21 જૂન સુધી ચાલનારા આ ફિલ્મોત્સવમાં 102 ફિલ્મો દર્શાવવામાં આવશે.

શ્રી મુરૂગને જાહેરાત કરી હતી કે આ વર્ષનો આજીવન સિધ્ધિ માટેનો પ્રતિષ્ઠિત વી શાંતારામ પુરસ્કાર વન્યજીવન પર ફિલ્મો બનાવતા પ્રસિધ્ધ ફિલ્મસર્જક એસ. નલ્લામુથુને અર્પણ કરવામાં આવશે.

# FAKE-GOVERNMENT-WEBSITE

સરકારે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય સાથે કથિત રીતે સંકળાયેલી હોવાનો દાવો કરતી નકલી વેબસાઇટ શોધી છે. આ વેબસાઇટ સરકારી નોકરી અપાવવાનો દાવો કરે છે અને નોન-રિફન્ડેબલ રજીસ્ટ્રેશન ફી તરીકે ચાર સો પાંત્રીસ રૂપિયાની માંગણી કરે છે. માહિતી સંચાર બ્યુરોના ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું છે કે, આ વેબસાઇટ સરકાર સાથે સંકળાયેલી નથી. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની સત્તાવાર વેબસાઇટ socialjustice.gov.in છે.

# HM-HIGH LEVEL MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે સવારે ઉચ્ચસ્તરીય બેઠકમાં અમરનાથ યાત્રા માટે જમ્મુ કાશ્મીરમાં સલામતીની સ્થિતિ અને તૈયારીની સમીક્ષા કરશે. શ્રી શાહે ગઈકાલે પણ નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ જમ્મુ કાશ્મીરની સલામતીની સ્થિતિની સમીક્ષા કરી હતી. આવતીકાલની બેઠકમાં જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા, રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ,

કેન્દ્રીય ગૃહ સચિવ ઉપરાંત લશ્કર, પોલિસ, જમ્મુ કાશ્મીર અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## UP-WEATHER

ઉત્તરપ્રદેશમાં ભીષણ ગરમીએ તમામ વિક્રમો તોડ્યા છે. દિવસનાં તાપમાનની સાથે સાથે રાત્રિનું તાપમાન પણ વધી રહ્યું છે. લઘુતમ તાપમાને છેલ્લાં 127 વર્ષનો વિક્રમ તોડ્યો છે. પ્રયાગરાજમાં છેલ્લાં 24 વર્ષમાં લઘુતમ તાપમાન 34.3 ડિગ્રી સેલ્યિયસ નોંધાયું હતું. અગાઉ, જૂન 1898માં લઘુતમ તાપમાન 33.5 ડિગ્રી નોંધાયું હતું. લખનઉ હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક મોહમ્મદ દાનિશે જણાવ્યું કે, રાજ્યમાં આગામી ત્રણ દિવસ માટે તીવ્ર ભીષણ ગરમી માટેની ચેતવણી જારી કરવામાં આવી છે.

## DAY-T20-WORLD-CUP

ICC મેન્સ T20 વર્લ્ડ કપમાં આજે ભારત, ફ્લોરિડાના સેન્ટ્રલ બ્રોવર્ડ પાર્ક સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે તેની છેલ્લી ગ્રુપ સ્ટેજની મેચમાં કેનેડા સામે ટકરાશે. રાત્રે 10-30 વાગ્યે નામિબિયાનો મુકાબલો ઇંગલેન્ડ સામે થશે.

આજે સવારે રસાકસીભરી મેચમાં દક્ષિણ આફ્રિકાએ છેલ્લી ઓવરમાં  નેપાળને એક રનથી હરાવ્યું હતું. જ્યારે આવતીકાલે સવારે છ વાગ્યે ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેન્ડ વચ્ચે મેચ રમાશે.

## GOVT - THREE NEW LAWS

કેન્દ્ર સરકાર દ્વારા આવતીકાલે કોલકતામાં ‘ફોજદારી ન્યાય પ્રણાલિનાં સંચાલનમાં ભારતની પ્રગતિશીલ નીતિ’ વિષય પર પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. કાયદા અને ન્યાય મંત્રાલયે જણાવ્યું છે કે, આ પરિષદનો હેતુ પ્રશ્નોતરી સત્રો દ્વારા ત્રણ નવા ફોજદારી કાયદા- ભારતીય ન્યાયસંહિતા, 2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, 2023નાં મુખ્ય પાસાઓ પર પ્રકાશ પાડવાનો છે.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ડિસેમ્બરમાં રાષ્ટ્રપતિએ ઉપરોક્ત ત્રણેય કાયદાઓને મંજૂરી આપી હતી, જેનો અમલ 1 જુલાઇથી થશે. મંત્રાલયે જણાવ્યું છે કે, કાનૂની બાબતોના વિભાગે છેલ્લાં બે મહિનામાં આ કાયદાઓ અંગે જાગૃતિ ફેલાવવા નવી દિલ્હી અને ગુવાહાટીમાં બે મોટી પરિષદો યોજી છે.

# MANDAVIYA-WOMEN-TABLE-TENNIS

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ રશિયાના કઝાન ખાતે રમાઇ રહેલા બ્રિક્સ રમતોત્સવમાં કાંસ્ય ચંદ્રક મેળવવા બદલ ભારતીય મહિલા ટેબલ ટેનિસ ટીમને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મિડીયા પોસ્ટમાં ડો. માંડવિયાએ આ રમતોત્સવમાં ભારતે મેળવેલા પ્રથમ ચંદ્રક બદલ ટીમની પ્રશંસા કરતા જણાવ્યું કે, ભારતીય મહિલા ટીમે રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે.